

હે શ્રીમદ્ જિનેન્દ્રદેવ! અતીન્દ્રિય સુખ આપનાર આપના ચરણ-યુગલનું હું શરણ પ્રાપ્ત કરી ચૂક્યો છું, માટે હું ધન્ય છું, પુણ્યનું સ્થાન છું, આકુળતા રહિત છું, શાંત છું, વિપત્તિઓ રહિત છું અને જ્ઞાતા પણ છું.

—શ્રી પદ્મનંદિ આચાર્યદેવ


કહાન સં. ૨૧ સં. ૨૦૫૭ [૬૮૮] * આત્મધર્મ * [ અંક-૮ વર્ષ-૫૭ ] વીર સં. ૨૫૨૭ ફેબ્રુઆરી-૨૦૦૧

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ સામને પાંચો ઈન્દ્રિયે હી દિખલાઈ પડતી હૈં. પાંચો ઈન્દ્રિયોંકી ઓર દૃષ્ટિ હૈ સો હી સંસારકે માર્ગકો બઢાનેવાલી હૈ. જો સમ્યગ્દૃષ્ટિ જિનવાણી પર મનન કરતા હૈ, વહ અપની દૃષ્ટિ અદૃષ્ટ આત્મા પર લે જાતા હૈ, ઈસીસે કર્મોંકા ક્ષય હોતા હૈ. ૬૭૧. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક–૨૫૯)*

❀ કાયવિકારને છોડીને જે ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે તેનો જ જન્મ સંસારમાં સફળ છે. ૬૭૨.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૯૩)*

❀ આ જીવ જ્યાં સુધી ચેતન–અચેતનરૂપ પર–પદાર્થોમાં પોતાપણાની બુદ્ધિ રાખે છે–પરપદાર્થોને પોતાના સમજે છે ત્યાં સુધી મોહ–મિથ્યાત્વ વધતો રહે છે. ૬૭૩. *(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ.–૩, ગાથા–૩)*

❀ સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર જ દેખે છે જ. ૬૭૪.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર–ટીકા, કળશ–૧૯)*

❀ જે ઈન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માને જાણે છે તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર જિતેન્દ્રિય કહે છે. ૬૭૫. *(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૩૧)*

❀ જો કોઈ વીતરાગ સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાની જીવ આરાધને યોગ્ય નિજ પદાર્થ ઔર ત્યાગને યોગ્ય રાગાદિ સકલ વિભાવોંકો મનમેં જાનકર શાંતભાવમેં તિષ્ઠતે હૈં ઔર જિનકી લગન નિજ શુદ્ધાત્મસ્વભાવમેં હુઈ હૈ, વે હી જીવ ઈસ સંસારમેં સુખી હૈં. ૬૭૬. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, ગાથા–૪૩)*

❀ જે જેનો સ્વ ભાવ છે તે તેનું 'સ્વ' છે અને તે તેનો (સ્વ ભાવનો) સ્વામી છે–એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી ''આ મારું 'સ્વ' નથી, હું આનો સ્વામી નથી'' એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી (અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી). ૬૭૭.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૨૦૭)*

કહાન
સંવત-૨૧
વર્ષ-૫૭
અંક-૮
[૬૮૮]




વીર
સંવત
૨૫૨૭
સં. ૨૦૫૭
FEB.
A.D. 2001

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# જ્ઞાની સપ્તભયથી મુક્ત છે

(શ્રી નાટક સમયસાર ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.-૮૨)

શ્રી નાટક સમયસારનો આ નિર્જરા અધિકાર છે. તેમાં ૫૦મુ પદ્ય છે.

ધર્મી તેને કહીએ કે જેને આત્માના આનંદનો અનુભવ થયો છે અને તે આનંદ પાસે દુનિયામાં તેને ક્યાય આનંદ લાગતો નથી. શરીર કે અનુકૂળ સંયોગ કે શુભાશુભભાવ કોઈમાં તેને સુખબુદ્ધિ થતી નથી. તેથી તેનું ચિત્ત આત્મા સિવાય ક્યાંય ઠરતું નથી. ક્ષણે ક્ષણે સ્વભાવ સન્મુખતા વર્તે છે તેથી પૂર્વકર્મનો ઉદય આવે છે તે ખરી જાય છે તેનું નામ નિર્જરા છે.

## (૧) આભવ-ભય મટાડવાનો ઉપાય

नख सिख मित परवांन, ग्यान अवगाह निरक्खत ।
आतम अंग अभंग संग, पर धन इम अक्खत ॥
छिनभंगुर संसार-विभव, परिवार-भार जसु ।
जहां उतपति तहां प्रलय, जासु संजोग विरह तसु ॥
परिगह प्रपंच परगट परखि,
इहभव भय उपजै न चित ।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित ॥५०॥

અર્થ :-આત્મા પગથી માથા સુધી જ્ઞાનમય છે, નિત્ય છે, શરીર આદિ પરપદાર્થ છે, સંસારનો સર્વ વૈભવ અને કુટુંબીઓનો સમાગમ ક્ષણભંગુર છે, જેની

ઉત્પત્તિ છે તેનો નાશ છે, જેનો સંયોગ છે તેનો વિયોગ છે અને પરિગ્રહ–સમૂહ જંજાળ સમાન છે. આ રીતે ચિંતવન કરવાથી ચિત્તમાં આભવનો ભય ઉપજતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

ધર્મી એમ જાણે છે કે હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ ચૈતન્યપ્રકાશનો પુંજ છું. ધર્મી આવા જ્ઞાનસ્વરૂપમાં વ્યાપીને પોતે પોતાને ચેતનાપ્રકાશમય જુએ છે–અનુભવે છે. ધર્મી શુભાશુભ રાગાદિમાં મારાપણે વ્યાપતો નથી. પોતાના અસ્તિત્વમાં વ્યાપીને પોતાને અવગાહે છે કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. મારું અંગ તો અભંગ છે--હું અખંડ છું, નિત્ય છું અને શરીરાદિ સંયોગી વસ્તુ છે તે તો બધી નાશવાન છે. અવિનાશી તો હું એક આત્મા છું. મારા સ્વરૂપ સિવાય શુભ-અશુભરાગથી માંડીને શરીર, સ્ત્રી, પુત્ર, ધનાદિ બધો સંયોગ નાશવાન છે.

રાગાદિભાવો ક્ષણે ક્ષણે નાશ પામે છે. સંયોગો પણ બદલાય છે. સંસારનો સર્વ વૈભવ આ રીતે ક્ષણે ક્ષણે વિલય થાય છે. કારણ કે જેની ઉત્પત્તિ છે તેનો નાશ થયા વિના રહેતો નથી. સંયોગ થયો હોય તેનો વિયોગ થયા વિના રહેતો નથી. પોતાની પર્યાયનો પણ સમયે સમયે સંયોગ અને વિરહ થાય છે. ત્યાં બીજી ચીજનું તો શું કહેવું ? જે પર્યાયનો આ સમયે સંયોગ થયો છે તેનો બીજા સમયે વિયોગ થઈ જાય છે. સંયોગ હંમેશા વિયોગ લઈને જ આવે છે અને આત્મા તો અસંયોગીતત્ત્વ હોવાથી તે હંમેશા અભંગ અંગ રહે છે.

परिग्रह प्रपंच....રાગથી અને પરથી પોતાના તત્ત્વને ભિન્ન જોયું તેના જીવનમાં બધો પરિગ્રહ તેને પ્રપંચ જેવો લાગે છે, બધું નાશવાન દેખાય છે. તેથી તેની દૃષ્ટિ કોઈ પરિગ્રહમાં સ્થિર થતી નથી. આવા પ્રકારની વિચારધારાને કારણે ધર્મીને આલોક ભય ઉપજતો નથી. મારા સ્વરૂપને કોઈ ભય જ નથી. મારા સ્વરૂપને રાગ પણ અડતો નથી તો બાહ્ય ચીજ ક્યાં અડવાની હતી ! માટે મને કોઈ ભય નથી. મારું સ્વરૂપ મળ–મેલ વિનાનું જ્ઞાનરૂપ અને નિઃકલંક છે તેને હું નિરંતર જોઉં છું. તેથી મને કોઈ ભય કે શંકા નથી. આમ ધર્મી નિઃશંક રહે છે.

આવા અખંડ અભંગ અભેદ આત્માનો અનુભવ નથી ત્યાં સુધી કોઈ ભાવો સાચા નથી. વ્યવહારના વિકલ્પો પણ બધાં નાશવાન છે તેને નભાવતા અંતરની શુદ્ધિ થાય તેમ નથી. વ્યવહાર આચરણ કરવાથી આનંદ આવતો નથી. વ્યવહારથી મારો આત્મા ભિન્ન છે એવી દૃષ્ટિ વિના અને એવા અનુભવ વિના કોઈને ક્ષણે

ક્ષણે નિર્જરા થતી નથી. આનંદઘનજી પણ એમ કહે છે કે ''વ્યવહારે લખ દોહ્યલાં, કાંઈ ન આવે હાથ રે,...શુદ્ધનય સ્થાપતાં સેવતાં, તે રંજે એક તંત રે....''

ધર્મી પોતાના આત્માને નિષ્કલંક–વ્યવહારના રાગ વિનાનો જુએ છે. વ્યવહારનો વિકલ્પ તો કલંક છે. શુભરાગરૂપ વ્યવહારના ત્રણ ભેદ છે તે ત્રણેય રાગ છે. એક તો વ્રતનો રાગ, બીજો ભક્તિનો રાગ અને ત્રીજો ગુણ–ગુણી ભેદના વિકલ્પરૂપ રાગ, આ બધો રાગ દુઃખરૂપ છે. તેનાથી આત્માની દશા સુખરૂપ ક્યાંથી થાય! આત્મા પોતાના જ્ઞાનથી નિષ્કલંક અને સુખરૂપ છે. ભગવાનનું જ્ઞાન તો પર છે તેનાથી સુખ થતું નથી.

'હું તો જ્ઞાનસ્વરૂપ છું.' આત્માના બધાં ગુણમાં જ્ઞાન પ્રધાન છે અને સવિકલ્પ છે તેથી સ્વ–પર બધાને જાણવાની જ્ઞાનમાં તાકાત છે. તેથી આત્માને જ્ઞાનપ્રકાશની મૂર્તિ કહ્યો છે. આવા પોતાના આત્માને ક્ષણે ક્ષણે જોતાં અશુદ્ધતા ગળે છે, શુદ્ધતા વધે છે અને કર્મ ગળે છે. આમ, ત્રણેય પ્રકારે નિર્જરા થાય છે.

આત્મવસ્તુ સ્વભાવથી જ એકલો જ્ઞાનનો પિંડ છે તેને કોઈએ બનાવ્યો નથી. ભગવાને પણ તેને બનાવ્યો નથી. ભગવાને 'આત્મા' જેવો છે તેવો કહ્યો છે. આત્મામાં વ્યવહારના વિકલ્પની ગંધ પણ નથી. વિકલ્પથી રહિત એકલા જ્ઞાનસ્વરૂપે આત્મવસ્તુ અનુભવમાં આવે છે. આવી વસ્તુ પ્રગટ છે પણ અજ્ઞાનીને શ્રદ્ધામાં બેસતું નથી. આત્મા દેખાતો નથી માટે તેને કેમ માનવો! પણ આત્મા દેખાતો નથી એવો નિર્ણય કોણે કર્યો? એ નિર્ણય કરનાર પોતે જ વસ્તુ છે. 'હું મને દેખાતો નથી' એમ માનનાર પોતે જ દેખનાર છે છતાં પોતાને દેખાતો નથી એ આશ્ચર્ય છે.

સમયસાર ૭૩ ગાથામાં આવે છે કે 'હું આ અનંત પ્રત્યક્ષ ચિન્માત્ર જ્યોતિ છું...' હું પ્રત્યક્ષ છું–એ જ મારું સ્વરૂપ છે. હું પોતાના આત્માને નિજસ્વરૂપે જોતાં અશુદ્ધતા ટળે છે–નિર્જરા થાય છે. ઉપવાસ આદિ ક્રિયા કરવાથી નિર્જરા થતી નથી.

ભવનો ભય નિવારવા માટેના ઉપાયની આ બધી વાત છે. હવે પરભવના ભયને નિવારવાનો ઉપાય કહે છે.

### (૨) 'પરભવ–ભય મટાડવાનો ઉપાય'

ग्यानचक्र मम लोक, जासु अवलोक मोख–सुख ।
इतर लोक मम नाहिं, नाहिं जिसमाहिं दोख दुख ॥

पुन्न सुगति दातार, पाप दुरगति पद–दायक ।
दोऊ खंडित खानि, मैं अखंडित सिवनायक ॥
इहविधि विचार परलोक–भय,
नहि व्यापत वरतै सुखित ।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित ॥५१॥

અર્થ :–જ્ઞાનનો પિંડ આત્મા જ અમારો લોક છે, જેમાં મોક્ષનું સુખ મળે છે. જેમાં દોષ અને દુઃખ છે એવા સ્વર્ગ આદિ અન્ય લોક મારા નથી! નથી! નથી! સુગતિ આપનાર પુણ્ય અને દુઃખદાયક દુર્ગતિનું પદ આપનાર પાપ છે તે બંનેય નાશવંત છે અને હું અવિનાશી છું. મોક્ષપુરીનો બાદશાહ છું. એવો વિચાર કરવાથી પરલોકનો ભય સતાવતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

ग्यानचक्र मम लोक–'જ્ઞાનનો પિંડ' એ મારો લોક છે તે સિવાય કોઈ મારો લોક નથી, કોઈ ગતિ મારી નથી. મારો લોક તો એવો છે કે જેને જોતાં સુખ થાય–આનંદ આવે. મોક્ષમાં જેવું સુખ છે, અતીન્દ્રિય આનંદ છે તેવું જ સુખ–અતીન્દ્રિય આનંદનો અનુભવ આત્માને જોતાં આવે છે. નિજને નિરખતાં જે આનંદ આવે છે તેમાં અને પૂર્ણાનંદરૂપ મોક્ષના આનંદની જાતમાં કાંઈ ફેર નથી.

મારે તો ચૈતન્યલોક છે. સ્વર્ગ, નરકાદિ ચારગતિ એ મારો લોક નથી. જેમાં દોષ અને દુઃખ છે એવી ગતિરૂપ લોક મારો નથી. ચારગતિમાં તો દોષ જ ભર્યા છે અને તેના ફળમાં દુઃખ જ મળે છે. હું તો નિર્દોષ અને નિર્દુઃખ છું. નિર્દોષ આનંદ એ જ મારો લોક છે અને એ જ મારો પરલોક છે–પ્રધાન લોક છે. સ્વર્ગાદિ તો દોષ અને દુઃખથી ભરેલા છે તે મારા લોક નથી. માટે હું અહીંથી મરીને ક્યાં જઈશ એ પ્રશ્ન જ ઉઠતો નથી. હું મારા લોકમાં જ રહેવાનો છું, જ્યાં જાઈશ ત્યાં હું મારામાં જ રહેવાનો છું.

ખરેખર ધર્મીને સ્વર્ગ કે નરકાદિ ગતિનો સ્પર્શ જ નથી. ધર્મી જ્ઞાનસ્વરૂપમાં જ છે તે રાગમાં પણ આવતાં નથી અને ગતિમાં પણ જતાં નથી. શુભભાવથી પુણ્ય અને તેના ફળમાં સુગતિ મળે છે અને અશુભરાગથી પાપ અને તેના ફળમાં દુર્ગતિ મળે છે પણ તે કોઈ આત્માની ચીજ નથી, આત્માની ગતિ નથી, આત્માનો લોક નથી, અન્ય લોક છે. તેને જે પોતાનો માને છે તે અજ્ઞાની છે કેમ કે તેણે પોતાના

લોકને તો જાણ્યો નહિ અને અન્યલોકને પોતાનો માની લીધો માટે તે અજ્ઞાની છે એ સિદ્ધ થઈ ગયું.

આત્મા તો મોક્ષપુરીનો બાદશાહ છે. શરીરના અને રાગાદિના બંધન ભગવાન આત્માને નથી. શુભ અને અશુભરાગ બંને ખંડિતખાણ છે–નાશવાન છે, અખંડિત ખાણ નથી. અખંડિત ચૈતન્યમાં ઠરે તે જ સ્વસમય છે, બાકી બધાં પરસમય છે. સ્વસમયપણાની શરૂઆત ચોથા ગુણસ્થાનથી છે અને પૂર્ણતા તેરમા ગુણસ્થાને થાય છે. પણ ધર્મીની દૃષ્ટિમાં તો સ્વસમય જ છે, પરસમયપણું તો તેના જ્ઞાનમાં જ્ઞેયમાત્ર છે.

શુભ અને અશુભ બંને ભાવ ખંડિત છે અને તેના ફળમાં ચારગતિ મળે છે તે ખંડિતખાણ છે તેમાં કાંઈ અખંડિત નથી. હું તો અખંડિત શિવનાયક છું એટલે મોક્ષનો નાયક છું. હું ગતિનો નાયક નથી. પાંચમા આરાના સમકિતી કે મુનિ દેહ છોડીને સ્વર્ગમાં જ જાય છતાં કહે છે કે અમે તે ગતિના નાયક નથી. પરલોક એ પરલોક–અનેરો લોક છે, મારો લોક નથી એમ તે જાણે છે. મારે જોવાલાયક લોક તો મારા આત્મામાં છે, તે કાંઈ બહારમાં નથી. ચારગતિનો સ્વામી હું નથી.

ગતિનો તો ઉદયભાવ છે–ખંડ ખંડ ભાવ છે—વિકારીભાવ છે, તેનું ફળ પણ દુઃખરૂપ અને દોષરૂપ એવી ગતિ છે. દોષ તો આસ્રવ તત્ત્વ છે, આત્મતત્ત્વ નથી. બહુ ધીરજથી સમજવા જેવી વાત છે. જેને જન્મ–મરણના કિનારા લાવવા હોય તેના માટે વાત છે. અવતાર કરવો એ આત્માનું સ્વરૂપ નથી...નથી...

પંચમઆરાના મુનિ સ્વર્ગમાં જવાના ને !...ના... અમે ક્યાંય જતાં નથી, અમે તો અમારામાં છીએ. જ્યાં રાગાદિ એ જ અમારી ચીજ નથી ત્યાં રાગના ફળમાં મળતી સ્વર્ગાદિ ગતિમાં અમે કેમ જઈએ ! અમે તો અમારા છીએ. શાસ્ત્રની કથનશૈલીમાં એમ આવે કે સમકિતી વૈમાનિક સ્વર્ગમાં જ જાય, બીજે ન જાય, સ્ત્રી ન થાય, નપુંસક ન થાય વગેરે, એ તો સંયોગથી જ્ઞાનીની ગતિનું જ્ઞાન કરાવ્યું છે. ખરેખર સમકિતી જ્ઞાનમાં રહે છે અને આનંદમાં જાય છે. બીજે ક્યાંય રહેતાં નથી અને જતાં નથી.

'હું મોક્ષપુરીનો બાદશાહ છું' એમ કહ્યું તો શું જ્ઞાનીનો મોક્ષ થઈ ગયો—સાંભળ ભાઈ ! મોક્ષ એટલે પવિત્રતાનો હું સ્વામી છું. અપવિત્ર એવી ગતિ અને વિકારીભાવનો હું સ્વામી નથી એમ કહે છે. જુઓ ! ધર્મદૃષ્ટિ થતાં આવી વિધિ અને આવી દશા હોય છે.

આ રીતે વિચારતાં જ્ઞાનીને પરલોકનો ભય લાગતો નથી અને અનાકુળભાવે

સમાધાનમાં વર્તે છે તેથી તેની દશામાં ગતિ જ આવતી નથી તો પરલોકનો ભય તેને કેમ લાગે ! જ્ઞાનીની દશામાં ગતિ વ્યાપતિ નથી તેથી ભય પણ તેને વ્યાપતો નથી. જ્ઞાની તો નિઃસંદેહ, નિર્ભય અને નિઃશંકપણે વર્તે છે. ચૈતન્યબાદશાહનું સ્વરૂપ જ આવું મહિમાવંત છે તેની જેને ખબર નથી તેને ધર્મ શી રીતે થાય ? અનાદિથી પોતે લૂંટાતો આવ્યો છે તેથી લૂંટવાનું તેને સારૂં લાગે છે. શુભાશુભભાવમાં આત્મા લૂંટાઈ ગયો છે.

લોકોને શુભના ફળની મીઠાશ છે એટલે એમ માને છે કે અત્યારે શુભરાગ કરીને સ્વર્ગાદિના ભોગો તો ભોગવી લેવા દયો, પછી ધર્મ કરશું. વળી સંપ્રદાયના ગુરુના ઉપદેશ પણ એવા મળે કે નિર્દોષ આહાર–પાણી આપે અને નિર્દોષ આહાર–પાણી લે તેની સુગતિ થાય છે. આવી ક્રિયામાં જ સર્વસ્વ માની લીધું હોય ત્યાં ધર્મ તો દૂર રહી જાય છે. હિંદુસ્તાનના હીરા ગણાતાં એવા અમારાં હીરાજી મહારાજ પણ ક્રિયા બહુ કડક પાળતાં, લોકોને ઉપદેશ પણ એવો જ આપતાં કે સાધુ માટે આહાર–પાણી બનાવશો નહિ. બનાવશો તો ગર્ભમાં ગળાશો.......એમ કડક ઉપદેશ આપતાં પણ માન્યતામાં મિથ્યાત્વ હતું. બહુ ભદ્રિક હતાં; અત્યારે ગોતવા જાવ તો એવા કોઈ સાધુ સ્થાનકવાસીમાં ન મળે એવા હીરા જેવા હીરાચંદ મહારાજ હતાં પણ આ તત્ત્વ તેમના કાને ન પડ્યું. તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે મોટા લાખોપતિ શેઠીયાઓ પણ જુવાન પુત્ર મરી ગયો હોય તેમ રડતાં હતા. સાધુ, આર્જ્યા, ગૃહસ્થો.... બધાં એવા રડે...એટલો બધાને તેમની ઉપર પ્રેમ હતો, આબરૂ પણ ઘણી હતી પણ આ વાત ન હતી.

અહીં તો કહે છે કે શુભ વિકલ્પ છે તે પણ બંધનું કારણ છે તેને ધર્મનું કારણ માને છે તેને મિથ્યાત્વ લાગે છે.

ज्ञानी निःशंक निकलंक निज ज्ञानरूप निरखंता नित–જ્ઞાની નિકલંક એટલે વીતરાગ છે, નિઃશંક છે અને પોતાને હંમેશા જ્ઞાતાપણે જુએ છે. પોતાને રાગવાળો, ક્રિયાવાળો કે સ્વર્ગમાં જનારો છું એમ જોતાં નથી.

બનારસીદાસે પણ કેટલાં ભાવો મૂકી દીધા છે ! હવે બાવનમાં પદ્યમાં મરણભય મટાડવાનો ઉપાય બતાવે છે. ૨૭ કળશનું બાવનમું પદ્ય છે–

(૩) મરણભય મટાડવાનો ઉપાય

फरस जीभ नासिका, नैन अरु श्रवन अच्छ इति ।
मन वच तन बल तीन, स्वास उस्वास आउ–थिति ॥

ये दस प्रान–विनास, ताहि जग मरन कहिज्जइ ।
ग्यान–प्रान संजुगत, जीव तिहुँ काल न छिज्जइ ॥
यह चिंत करत नहि मरन भय,
नय–प्रवांन जिनवरकथित ।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित ॥५२॥

અર્થ :–સ્પર્શ, જીભ, નાક, આંખ, અને કાન–એ પાંચ ઈન્દ્રિયો, મન–વચન–કાયા એ ત્રણ બળ, શ્વાસોશ્વાસ અન આયુષ્ય–આ દસ પ્રાણોના વિયોગને લોકમાં લોકો મરણ કહે છે. પરંતુ આત્મા જ્ઞાનપ્રાણ સંયુક્ત છે તે ત્રણ કાળમાં કદી પણ નાશ પામનાર નથી. આ રીતે જિનરાજના કહેલાં નય–પ્રમાણ સહિત તત્ત્વસ્વરૂપનું ચિંતવન કરવાથી મરણનો ભય ઉપજતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, આયુ અને શ્વાસોશ્વાસ એ દસેય પ્રાણ જડ છે અને નાશવાન છે. તેથી ધર્મી તેને પોતાના પ્રાણ માનતો નથી. શરીર મારું નથી, ઈન્દ્રિયો મારી નથી, મન–વચન-કાયા મારા નથી, આયુષ્ય પણ મારું નથી, એ તો કર્મ છે. શ્વાસ પણ મારો નથી, એ બધી મુદ્દતી ચીજ છે એમ જાણીને જ્ઞાની તેને પોતાના માનતો નથી તેથી તેને મરણનો ભય લાગતો નથી.

દસ પ્રાણ જીવના નથી તો જીવના પ્રાણ ક્યા ? જીવ શેનાથી જીવે છે ? જીવ તો પોતાના જ્ઞાનપ્રાણમય છે અને આ ચૈતન્યપ્રાણ શાશ્વત છે તેનાથી જીવનું જીવન છે. દસ પ્રાણથી જીવનું જીવન નથી. તેથી જ્ઞાની નિઃશંકપણે પોતાના ચૈતન્યપ્રાણથી જીવન માનતો જીવંત જ છે.

દસ પ્રાણથી જીવન માનનારા એકબીજાને એમ કહે છે કે આ તમારી ઈન્દ્રિયો હવે ઢીલી પડી ગઈ છે હો ! હવે તમે પહેલાં જેવું બોલી પણ શકતા નથી. મન પણ બહુ કામ આપતું નથી....વગેરે...ત્યાં પહેલાંને પણ એમ લાગે કે હા, હું બહુ શિથિલ થઈ ગયો છું. પણ ભાઈ ! આ પ્રાણ તારા ક્યાં હતાં ? તું તો તારા જ્ઞાનપ્રાણથી સંયુક્ત છો જેનો ત્રણકાળમાં કદી પણ તેનો નાશ નથી.

૪૭ શક્તિમાં જીવ શક્તિ આવે છે ને ! આત્મા ત્રિકાળ આ જીવત્વશક્તિથી જીવનારો છે. તેનો કદી નાશ થતો જ નથી તો આત્માને મરણનો ભય શો ? દસ પ્રાણના નાશને લોકો મરણ કહે છે. પણ આત્મા તો દસ પ્રાણથી જુદાં

જ્ઞાનપ્રાણથી–જીવત્વપ્રાણથી સદાય જીવતો છે. તેથી जीव तिहुं काल न छिज्जइ–ત્રણ કાળમાં જીવનો કદી નાશ થતો નથી. આત્મા જ્ઞાનપ્રાણથી સદાય જીવતો છે એવી અંતરદૃષ્ટિને કારણે ધર્મીને દસ પ્રાણના વિયોગનો ત્રાસ અને ભય હોતો નથી. ધર્મીના શ્રદ્ધા અને જ્ઞાનમાં આ પ્રકારની વિચારણા હોવાથી ધર્મીને મરણનો ભય હોઈ શકતો નથી.

'દુનિયાને મરણ તણો ભય છે, જ્ઞાનીને આનંદની લ્હેર જો.'

કોણ મરે અને કોણ જીવે ! હું તો સદાય ટકતો છું. હું જ્યાં છું ત્યાં સદાય છું. મારા પ્રાણનો મારાથી વિયોગ કદી થાય નહિ.

નિશ્ચયસત્‌ની વાત જરાં સૂક્ષ્મ લાગે પણ વસ્તુ તો એમ જ છે.

શ્રોતા :–જ્ઞાનીને પણ સમાધિમરણ તો હોય છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :–સમાધિમરણ કોને કહેવાય ભાઈ ! જેને અંતરમાં રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ–આનંદસ્વરૂપ–સમાધિસ્વરૂપ ભગવાન આત્માનું ભાન થયું છે તેને દેહના વિયોગકાળે સમાધિ–શાંતિ રહે છે તેનું નામ સમાધિમરણ છે, તેમાં આત્મા મરતો નથી. માત્ર દેહનો વિયોગ થાય છે તે દેહને પોતાનો માનતો નથી તેથી તેને અશાંતિ થતી નથી. જે રાગને, વિકલ્પને, દેહને, શ્વાસોચ્છ્‌વાસને પોતાના માને છે તે તો તેના વિયોગકાળે, પોતે મરી જ જાય છે તેથી અજ્ઞાનીને દેહના વિયોગકાળે સમાધિ રહેતી નથી. આત્માના ભાન વગર વ્રત પડિમા લઈને બેસે છે તે તો મરણ આવતાં દુઃખી દુઃખી થાય છે, તરફડીયાં મારે છે, તેણે સમાધિ લીધી હોય તોપણ સમાધિ રહેતી નથી.

મારા ચૈતન્યભાવપ્રાણનો કદી વિયોગ હોય જ નહિ માટે મારે મરણ ન હોય એમ જ્ઞાની વિચારે છે. તે જાણે છે કે દસ પ્રાણ તો નાશવાન છે તેથી નાશ પામે તેમાં નવાઈ નથી. હું દ્રવ્યાર્થિકનયથી ત્રિકાળીદ્રવ્ય છું અને પ્રમાણથી જોતાં મારી વર્તમાન પર્યાય શુદ્ધ છે તેમાં રાગાદિ કે બીજાં કોઈ પ્રાણ નથી. આમ, નય–પ્રમાણથી તત્ત્વનું સ્વરૂપ ચિંતવવાથી જ્ઞાનીને મરણનો ભય ઉપજતો નથી.

જિનવરે કહેલાં પ્રમાણ અને નય શું કહે છે ! કે ત્રિકાળી દ્રવ્યનું સ્વરૂપ તે નિશ્ચયનયનો વિષય છે અને તેની શુદ્ધપરિણતિ વ્યવહારનયનો વિષય છે. તેથી ત્રિકાળ વસ્તુ તે નિશ્ચય અને ભાવપ્રાણથી જીવવું તે વ્યવહાર છે. ત્યાં દસ પ્રાણથી જીવવું એ વ્યવહાર પણ નથી. જે વસ્તુમાં નથી તેની સાથે નિશ્ચય–વ્યવહારનો સંબંધ ક્યાંથી

સ્થાપવો ? દસ પ્રાણ તો પરમાં છે, હું તો મારા જ્ઞાન–આનંદ પ્રાણથી જીવું છું. દ્રવ્ય તો શાશ્વત છે પણ તેની પરિણતિ પણ એ જાતની હોય છે માટે જિનવરે કહેલાં પ્રમાણથી જોતાં જ્ઞાની હંમેશા નિઃશંક છે અને જ્ઞાનીને રાગાદિ વ્યવહારનો કલંક નહિ હોવાથી નિઃકલંક છે.

ધર્મી–જ્ઞાની એમ જાણે છે કે હું તો ત્રિકાળ...ત્રિકાળ....જ્ઞાતા–દૃષ્ટા અને આનંદમય છું અને જ્ઞાતા–દૃષ્ટાપણે જીવવું એ મારું જીવન છે. દસ પ્રાણથી જીવવું એ મારું જીવન નથી.

'મહાવીરનો સંદેશ–જીવો અને જીવવા દ્યો' એમ નારા લગાવે છે પણ એ મહાવીરનો સંદેશ નથી. દસ પ્રાણથી જીવો અને દસ પ્રાણથી બીજાને જીવવા દ્યો એવું ભગવાને કહ્યું નથી. દસ પ્રાણ પોતાના ક્યાં છે કે તેનાથી પોતે જીવે ! બીજાના પ્રાણ પોતાની પાસે ક્યાં છે કે તેનાથી તેને જીવવા દ્યો ! જીવ તો પોતાના જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાપ્રાણથી જીવે છે. તે પ્રાણથી પર્યાયમાં જીવન કરવું એ વ્યવહાર છે ત્યાં પરથી જીવવાની વાત ક્યાં આવે ! દસ પ્રાણ આત્માના છે જ નહિ તો આત્મા તેનાથી કેવી રીતે જીવે ! આત્મા તો પોતાની યોગ્યતાથી જીવે છે. એ પણ સંયોગીભાવ છે. જીવનો સ્વભાવ નથી માટે નિશ્ચયથી તે પણ પુદ્‌ગલ છે. અશુદ્ધભાવપ્રાણ પુદ્‌ગલ છે, કારણ કે તે પુદ્‌ગલકર્મના નિમિત્તે ઉપજેલાં છે, આત્માના સ્વભાવમાં એવા ભાવપ્રાણ નથી.

ધર્મી સદાય પોતાના જ્ઞાનરૂપને નીરખે છે, પરને નિરખતાં નથી તેમજ દસ પ્રાણ હતા અને ગયા તેને પણ નિરખતાં નથી. પોતે પોતાના જ્ઞાનરૂપને નીરખે છે. આવા જ્ઞાનીને ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે. તે સિવાય અજ્ઞાનપૂર્વક ઉપવાસ કરી લેવાથી સમાધિમરણ કે નિર્જરા થતી નથી.

આ મરણભયની વાત થઈ. હવે વેદનાભયનો શ્લોક આવશે. *(ક્રમશઃ)*

# શુદ્ધોપયોગ–સામ્યભાવ–નિર્ગ્રંથદશા
# મોક્ષનું સાક્ષાત્ કારણ છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૧૦૩)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર ચાલે છે. તેમાં ૪૯ ગાથામાં યોગીન્દ્રદેવે શું કહે છે તે જોઈએ. થોડો સૂક્ષ્મ વિષય છે.

આ સમભાવની વ્યાખ્યા ચાલે છે. સમભાવ કોને કહે છે અને સમભાવ કેવી રીતે ઉત્પન્ન થાય છે અને સમભાવ કોનું કારણ છે તે બતાવે છે. જે મુનિ બાહ્ય-–અંતરંગ પરિગ્રહની ઇચ્છાથી પાંચ ઇન્દ્રિયોના વિષય–ભોગોના વાંછક થઈને દેહમાં મમતા કરતાં નથી તથા મિથ્યાત્વ અવ્રત આદિ સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત જે નિજ શુદ્ધાત્મા–તેને જાણે છે તે 'પરિગ્રહમાં તથા વિષય દેહ સંબંધી વ્રત–અવ્રતમાં રાગ–દ્વેષ કરતાં નથી' આ વાત ચાર ગાથા દ્વારા પ્રગટ કરે છે તે નીચે પ્રમાણે.

(૧) બાહ્ય અને અંતરંગ પરિગ્રહમાં રાગ–દ્વેષ કરતાં નથી.

(૨) વિષયોમાં રાગ–દ્વેષ કરતાં નથી.

(૩) દેહમાં રાગ–દ્વેષ કરતાં નથી.

(૪) વ્રત અને અવ્રતમાં રાગ–દ્વેષ કરતાં નથી.

(૧) બધાં પરિગ્રહમાં પ્રથમ પરિગ્રહ-–મિથ્યાત્વને ગણવામાં આવ્યો છે. શુભાશુભ વિકલ્પ ઉઠે છે તે મારો સ્વભાવ છે એમ માનવું તે મિથ્યાત્વ-પરિગ્રહ છે. બાહ્યત્યાગ કરવાથી આ મિથ્યાત્વ-પરિગ્રહનો ત્યાગ થતો નથી. દેહ મારો છે, દેહની ક્રિયા હું કરી શકું છું, પરની દયા હું પાળી શકું છું, શુભભાવથી મને ધર્મ થાય છે. આવા અનેક પ્રકારના અભિપ્રાયો–માન્યતા છે તે મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ જ મહાન પરિગ્રહ છે. તે અહીં ગાથા દ્વારા બતાવે છે.

આ તો વીતરાગમારગ છે. જેને વીતરાગમારગની ખબર નથી તેને સંયમ, ત્યાગ, ચારિત્ર આદિ સાચાં હોતાં જ નથી.

गंथहँ उप्परि परम–मुणि देसु वि करइ ण राउ ।
गंथहँ जेण वियणियउ भिण्णउ अप्प–सहाउ ॥४६॥

અર્થ :–જે પરમ તપસ્વી અંતરંગ તથા બાહ્ય પરિગ્રહ ઉપર અથવા શાસ્ત્ર ઉપર રાગ–દ્વેષ કરતાં નથી તેમણે આત્મસ્વભાવને ગ્રંથથી જુદો જાણી લીધો છે.

અંતર–બાહ્ય પરિગ્રહને પણ ગ્રંથ કહેવાય છે અને પુસ્તકને પણ ગ્રંથ કહેવાય છે. જે મુનિએ આ બંને પ્રકારના ગ્રંથ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લીધી છે, મમતા છોડી દીધી છે અને પોતાના શુદ્ધસ્વરૂપ–આનંદકંદમાં જેની દૃષ્ટિ ઝુકી ગઈ છે તે મુનિને ઉપશમભાવસહિત, પરિગ્રહરહિત મુનિ કહેવામાં આવે છે.

વ્રત, ભક્તિ, ઉપદેશ આદિનો જે રાગ ઉઠે છે તેનાથી મારું સ્વરૂપ ભિન્ન છે એમ તે મુનિવરે જાણી લીધું છે. જો આવી દૃષ્ટિ પ્રગટ થઈ ન હોય તો તેને મુનિ કહેતાં નથી. કેમ કે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ વગર મિથ્યાત્વાદિ પરિગ્રહ છૂટતો નથી અને પરિગ્રહ છૂટ્યા વિના તેમને મુનિ કહેવામાં આવતાં નથી. સ્વભાવદૃષ્ટિ થયા વિના સમભાવ થતો નથી, વિષમભાવ જ રહે છે. તેથી ૩૯મી ગાથાથી સમભાવની વ્યાખ્યા ચાલે છે. ૩૯ થી ૫૨ ગાથા સુધી ૧૪ ગાથામાં સમભાવનું વર્ણન ચાલશે. યોગીન્દ્રદેવ મહા દિગંબર વનવાસી સંત છે. તેઓ, પરમાત્માએ કહેલા ઉપશમભાવનું સ્વરૂપ આ પરમાત્મપ્રકાશમાં કહે છે.

જે મુનિએ અખંડ જ્ઞાનમૂર્તિ આત્માને વિકલ્પમાત્રથી ભિન્ન જાણી લીધો છે તેને જ પરિગ્રહ ઉપર મમતા હોતી નથી અને જ્યાં મમતા નથી ત્યાં જ સમતાના ભાવ છે. એવા મુનિને જ પરિગ્રહરહિત–નિર્ગ્રંથમુનિ કહેવાય છે.

ભાવાર્થ :–મિથ્યાત્વ, વેદ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા, લોભ–આ ચૌદ અંતરંગપરિગ્રહ અને ક્ષેત્ર, વસ્તુ (ઘર), સોનું, ચાંદી, ધન, ધાન્ય, દાસ, દાસી, કુપ્ય (ઘરવખરી) અને ભાંડ (વાસણ) –આ દસ બાહ્ય પરિગ્રહ–આમ કુલ ૨૪ પ્રકારના પરિગ્રહોને ત્રણ જગતમાં, ત્રણ કાળમાં, મન–વચન–કાય, કૃત–કારિત–અનુમોદથી છોડીને શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને પરવસ્તુથી જે પોતાને ભિન્ન જાણે છે એવા મુનિઓ જ પરિગ્રહ ઉપર રાગ–દ્વેષ કરતાં નથી.

મિથ્યાત્વ પહેલો પરિગ્રહ છે. શરીરની ક્રિયા હું કરી શકું છું, શુભાશુભભાવની ક્રિયા મારી છે, તેનાથી મને લાભ છે એવી માન્યતા છે તેને મિથ્યાત્વ નામનો મહાન પરિગ્રહ કહેવામાં આવે છે. આ મિથ્યાત્વ કોને કહેવાય છે તેની ખબર વગર મિથ્યાત્વ ક્યાંથી છૂટે ! અને મિથ્યાત્વ-પરિગ્રહના ત્યાગ વિના સમ્યગ્દર્શન કે મુનિપણું આવતું નથી.

સ્ત્રી, પુરુષ, નપુંસકના ત્રણ વેદની વાસના પણ પરિગ્રહ છે. અખંડાનંદ પ્રભુ ભગવાન આત્મા વેદવાસનાથી ભિન્ન છે એમ જાણી રાગરહિત સમતામાં પરિણમન કરવું તે સમભાવ છે.

રાગમાં શુભાશુભ બંને ભાવ આવી જાય છે અને દ્વેષમાં પાપ પરિણામ આવે છે. આ રાગ અને દ્વેષ બંને પરિગ્રહ છે. તે ઉપરાંત હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ આ ચૌદ અંતરંગ પરિગ્રહ છે તે બધાંનો મુનિરાજને ત્યાગ હોય છે.

આત્મામાં જે જે ભાવોનો અભાવ છે તે શુભાશુભ સર્વભાવોનો પ્રથમ જ શ્રદ્ધામાંથી ત્યાગ થયા વિના મિથ્યાત્વ છૂટતું નથી. તેને શુભભાવ હોય પણ શુભભાવથી મને લાભ છે એમ માને છે તો તેને મિથ્યાત્વનો અનંત સંસાર આપનારો મોટો પરિગ્રહ અંતરંગમાં પડ્યો છે.

ધન-ધાન્ય, વસ્ત્ર, વાસણ આદિ દસ પરિગ્રહ છે જે બાહ્ય છે તેનો પણ મુનિને ત્યાગ હોય છે. વસ્ત્ર આદિ અને વિકલ્પાદિ સર્વ પરિગ્રહનો ત્યાગ હોય તેને જ સમ્યગ્દર્શન સહિત ઉપશમભાવ હોય છે.

'નમો લોએ સવ્વ સાહૂણં'માં જેને નમસ્કાર કરીએ છીએ એ વીતરાગી મુનિ કેવા હોય છે?-કે જેણે મન-વચન-કાયાથી અને કરવું, કરાવવું તથા અનુમોદવું એ ત્રણ ભાવથી રાગાદિનો ત્યાગ કર્યો છે. રાગ કરવો ભલો નથી, કરાવવો ભલો નથી અને રાગ કરતાં હોય તેને અનુમોદવું પણ ઠીક નથી. ત્રણકાળ ત્રણલોકમાં મનથી રાગાદિ કરવા-કરાવવા અનુમોદવા યોગ્ય નથી, ત્રણકાળ ત્રણલોકમાં વચનથી રાગને ઠીક કહેવો-રાગની કથા કરવી કરાવવી અનુમોદવી ઠીક નથી અને કાયાથી પણ રાગને કરવો કરાવવો અનુમોદવો યોગ્ય નથી.

આમ, ત્રણકાળ, ત્રણલોકમાં મન, વચન, કાય અને કૃત-કારિત-અનુમોદનાથી જે, મિથ્યાત્વ આદિ પરિગ્રહને છોડી, નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને, નિજ આત્માને અનુભવે છે અને પરવસ્તુથી પોતાને ભિન્ન જાણે છે તેને નિર્ગ્રંથ મુનિપણું છે.

નવ નવ કોટીએ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને છોડીને ત્રણકાળ ત્રણલોકથી પોતાને જુદો જાણીને જે શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થાય છે તે જીવ પરિગ્રહ ઉપર રાગ-દ્વેષ કરતો નથી. છઠ્ઠા ગુણસ્થાને પણ જે પંચમહાવ્રત આદિનો વિકલ્પ ઉઠે છે તે વિષમભાવ છે-સમભાવ નથી, રાગ છે તેથી

બંધનું કારણ છે. તેને છોડીને જે સમભાવમાં સ્થિત છે તેને વીતરાગદશા–નિર્ગ્રંથદશા–મુનિદશા કહે છે.

સમભાવના પ્રકાર ઘણા છે. પ્રથમ, શુભાશુભરાગ અને દેહાદિથી પર પોતાના વીતરાગીસ્વભાવની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દૃષ્ટિનો સમભાવ છે.

બીજો, અવ્રતના અભાવરૂપ સમભાવ છે. અશુભભાવરૂપ અવ્રતનો ત્યાગ કરે છે એટલો અવ્રતના અભાવરૂપ સમભાવ છે.

ત્રીજા, જેટલો વ્રતનો ભાવ હતો તેનો પણ ત્યાગ કરીને વિશેષ સમભાવ પ્રગટ કરવો તે નિર્ગ્રંથદશા છે તેની વાત કરે છે.

અહીં આવા ગુણવિશિષ્ટ નિર્ગ્રંથને જ (નિર્ગ્રંથ મુનિને જ) આ કથન શોભે છે પણ પરિગ્રહધારીને શોભતું નથી એવો તાત્પર્ય છે. ગૃહસ્થાશ્રમમાં સમકિતી કે શ્રાવકને આવી નિર્ગ્રંથદશા હોતી નથી. કેમ કે તેને હજુ શુભાશુભભાવ છૂટ્યા નથી. મુનિ જ શુભાશુભભાવથી રહિત નિર્ગ્રંથદશાને પ્રાપ્ત હોવાથી મુનિને કોઈપણ પરિગ્રહ ઉપર રાગ કે દ્વેષ થતો નથી. વિષમભાવને છોડીને સમભાવમાં રમે છે તેને જ આ વ્યાખ્યાન શોભે છે અર્થાત્ આવી પરિગ્રહરહિતપણાની સ્થિતિ નિર્ગ્રંથને જ છે, પરિગ્રહધારીને એવી સ્થિતિ નથી.

અહીં ઘણાનું લખાણ આવતું કે પુણ્ય તો ચૌદમાં ગુણસ્થાને છૂટે છે અને તમે અત્યારથી છોડાવો છો ? આ તમે શું કરો છો ? ભાઈ સાંભળને ! અમે પુણ્ય છોડાવતાં નથી. પુણ્યભાવમાં લોકોને ઉપાદેયબુદ્ધિ અને લાભની આશા છે તે મિથ્યાત્વ છે તેને છોડાવાનું કહેવાય છે. પુણ્યથી લાભ માનનાર અજૈન છે, જૈન નથી. શુભાશુભભાવથી મારું સ્વરૂપ જુદું છે એવી પ્રથમ દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. તેના વિના બધાં એકડાં વિનાનાં મીંડા છે. સમ્યગ્દર્શન થયા પછી પણ જેટલો રાગ–વ્રતાદિનો ભાવ આવે છે તે વિષમભાવ છે—કષાય છે–રાગ છે તેને પણ છોડીને જે સમભાવમાં સ્થિત થાય છે તેને શુદ્ધોપયોગ કહો–સામ્યભાવ કહો કે નિર્ગ્રંથદશા કહો–મોક્ષનું સાક્ષાત્ કારણ પણ તે જ છે.

સમ્યગ્દૃષ્ટિને શુભાશુભભાવ થાય છે, ભોગાદિના ભાવ થાય છે પણ તેમાં સુખબુદ્ધિનો અભાવ છે એટલો તો સમ્ગ્દૃષ્ટિને પણ સમભાવ છે પણ વિષયનો ભાવ ઉત્પન્ન થાય છે એટલો વિષમભાવ છે. વિષમભાવનો સર્વથા અભાવ થઈને મુનિને અંતરંગમાં વીતરાગપરિણતિ થાય છે તેને સમભાવ કહેવાય છે.

હવે ૫૦મી ગાથામાં વિષયો ઉપર વીતરાગતા બતાવે છે.

विसयहँ उप्परि परममुणि देसु वि करइ ण राउ ।
विसयहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ ॥५०॥

અરે ! આ વાતની શ્રદ્ધા કરવી પણ આ કાળે કઠણ છે તો મુનિપણું તો ક્યાં રહી ગયું ! ચારેય ગાથામાં એક એક ભાવથી ભિન્ન થાય છે તેને તેટલાં બંધનો અભાવ થાય છે એમ કહેવા માગે છે.

અર્થ :-જે મહામુનિઓએ આત્મસ્વભાવને પાંચ ઈન્દ્રિયોના સ્પર્શાદિ વિષયોથી જુદો જાણ્યો છે તે મહામુનિ વિષયો ઉપર રાગ અને દ્વેષને કરતાં નથી એમ કહે છે.

મિથ્યાદૃષ્ટિને વિષય-ભોગના વિકલ્પ ઉઠે છે તેમાં તેને સુખબુદ્ધિ છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે, સમ્યગ્દૃષ્ટિને વિષયભોગનો વિકલ્પ ઉઠે પણ તેમાં સુખબુદ્ધિ નથી, સુખબુદ્ધિ તો આત્માના આનંદમાં છે તેથી સમ્યગ્દર્શન છે પણ વિષયના ભાવનો અભાવ નથી એટલો સમભાવ નથી. મુનિને તો વિષયના વિકલ્પોનો જ અભાવ છે તેથી વિશેષ સમભાવ છે.

ભરત ચક્રવર્તીને ૯૬ હજાર રાણી હતી, વિષયનો ભાવ પણ હતો, એટલો વિષમભાવ હતો પણ તેમાં સુખબુદ્ધિ ન હતી એટલો સમભાવ હતો. જેમ જેમ પોતાની દશામાં નિર્મળતા વધતી જાય છે એટલો વિષમભાવ ઘટતો જાય છે અને સમભાવ વધતો જાય છે. ઉપશમભાવમાં ઠરી જ જાય છે તેને નિર્ગ્રંથમુનિ કહેવામાં આવે છે. તેની બદલે વ્રતના પરિણામને જ ધર્મ માની લે છે તેની તો દૃષ્ટિ પણ ખોટી છે.

આમ, સમભાવની વ્યાખ્યા ઘણાં પ્રકારે છે. એક તો સમ્યગ્દૃષ્ટિની હદનો સમભાવ છે, એક સમભાવ પાંચમા ગુણસ્થાનની મર્યાદાનો છે, એક સમભાવ છઠ્ઠા ગુણસ્થાનની મર્યાદાનો છે અને એક સમભાવ સાતમા ગુણસ્થાનનો છે. અહીં સાતમા ગુણસ્થાનના સમભાવનું વ્યાખ્યાન છે.

જેને દેહમાં એકત્તાબુદ્ધિ પડેલી છે, દેહના કાર્ય હું કરું છું, દેહ મને લાભરૂપ છે એવી બુદ્ધિ છે તેને તો વિષમભાવ છે, સમભાવનો અભાવ છે. સમ્યગ્દર્શનરૂપ સમભાવ પણ તેને નથી. કારણ કે રાગથી રહિત આનંદસ્વરૂપ સ્વવિષયને તેણે ગ્રહ્યો નથી તેથી તેને વિષયોની અભિલાષા છૂટી નથી. ભલે બહારથી વિષય સેવતો ન હોય પણ અંતરમાં સ્વવિષયને દૃષ્ટિમાં લીધો નથી-ગ્રહ્યો નથી તેથી વિષયમાં સુખબુદ્ધિ પડી છે. સમભાવના જ ઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એવા ઘણાં ભેદ છે. ચોથા ગુણસ્થાનથી જ

સમભાવ શરૂ થાય છે. જેટલાં અંશે સ્વરૂપની અનુભૂતિ થાય છે–આનંદનું વેદન થાય છે એટલાં અંશે સમભાવ છે, જેટલો ભોગાદિનો ભાવ છે તેટલો વિષમભાવ છે. પાંચમા ગુણસ્થાને વ્રતનો ભાવ છે તે તો વિષમભાવ છે પણ જેટલાં અંશે કષાય ઘટ્યો છે એટલો સમભાવ છે. એ રીતે જેટલો રાગ ઘટતો જાય છે અને વીતરાગતા વધતી જાય છે એટલો સમભાવ છે. અહીં સાતમા ગુણસ્થાનના ઉત્કૃષ્ટ સમભાવની વાત છે.

જે શુભભાવને ઠીક અને અશુભભાવને અઠીક માને છે તેની દૃષ્ટિ મિથ્યા છે. શુભ અને અશુભ બંને ભાવ વિષમભાવ હોવાથી સમાન છે. રાગથી રહિત સ્વભાવની દૃષ્ટિ થયા વિના વિષયની અભિલાષા છૂટતી નથી. તેને દૃષ્ટિ અપેક્ષાનો સમભાવ કે ચારિત્ર અપેક્ષાનો સમભાવ બેમાંથી એકપણ નથી. અહીં તો દૃષ્ટિ ઉપરાંત ચારિત્રની નિર્ગ્રંથદશાના સમભાવની વાત કહી છે. નિર્ગ્રંથ મુનિને જ સાધુ કહે છે, બીજાને સાધુ કહેવાતા નથી. જૈનના સાધુ એટલે વીતરાગી સાધુ અર્થાત્ વ્રત, દયા, ધનાદિના વિકલ્પ ઊઠે છે તેને પણ છોડીને સ્વરૂપમાં ઠરે છે એવા નિર્ગ્રંથ મુનિને જૈનના સાધુ કહે છે.

બાહ્યમાં વ્રત, પાત્ર, કપડાં આદિનો ત્યાગ છે અને અંતરંગમાં રાગાદિના પરિગ્રહનો ત્યાગ કરે છે, અંતરના આનંદમાં ઝૂલે છે તેને સમભાવ કહો, ઉપશમ કહો, નિર્ગ્રંથભાવ કહો કે ચારિત્ર કહો, બધું એક જ છે. આગળ ૫૨મી ગાથામાં સિદ્ધ કરશે કે વ્રતના ભાવ છે તે બંધભાવ છે, અબંધભાવ નથી, મુનિમાર્ગ નથી, ચારિત્ર નથી. સમભાવથી વિરુદ્ધ જેટલાં વિકલ્પ ઊઠે છે તે બધાં દોષરૂપ છે, બંધરૂપ છે માટે તેની દૃષ્ટિ છોડી સ્વભાવની દૃષ્ટિ કરવી; તેમાં વીતરાગભાવ જ ધર્મ છે એવી પ્રતીતિ થાય છે. વીતરાગભાવ વિશેષ પ્રગટ થયો નથી પણ દૃષ્ટિ સમ્યક્ થઈ ગઈ; રાગભાવમાં ધર્મ છે એવી દૃષ્ટિ ઉડી જાય છે.

જેને પ્રથમ સમ્યગ્દર્શન થયું છે પછી રાગનો અભાવ થઈને સ્વરૂપનો આનંદ અને તેમાં રમણતા વર્તે છે તેને મુનિ કહેવાય છે, તેને બાહ્ય પરિગ્રહનું લક્ષ છૂટી જવાથી નગ્નદશા આવી જાય છે પણ જેણે નગ્નદશા તો ગ્રહણ કરી લીધી પણ અંતરમાં દૃષ્ટિ સમ્યક્ થઈ નથી તો તે મુનિ નથી.

મહામુનિ મનોજ્ઞ વિષયો ઉપર રાગ કરતાં નથી અને અમનોજ્ઞ વિષયો ઉપર દ્વેષ કરતાં નથી. કારણ કે વિષયોથી પોતાના સ્વભાવને જુદો જાણી લીધો છે તેથી વિષયો ઉપરથી વીતરાગદશા ધારણ કરી લીધી છે. સમ્યગ્દૃષ્ટિને વિષયો અનુકૂળ છે માટે રાગ થાય છે એમ નથી પણ આસક્તિના કારણે વિષયોનો રાગ હોય છે અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષનો ભાવ થાય છે એટલે સમભાવ નથી, વિષમભાવ છે. જ્યારે

મુનિને વિષયો પ્રત્યે આસક્તિ નથી, તેથી રાગ–દ્વેષ થતો જ નથી. કારણ કે પરિગ્રહથી પોતાને તદ્દન જુદો પાડી દીધો છે. પોતે પોતાના સ્વાસ્થ્યમાં આવી ગયા છે. સ્વમાં સ્થિત થઈ ગયા છે. જેટલો વ્રતાદિનો વિકલ્પ ઊઠે છે તે સ્વાસ્થ્ય નથી, રોગ છે.

ભાવાર્થ :–દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને આ બંનેથી ગ્રહણ કરવાયોગ્ય દેખેલા, સાંભળેલા અને અનુભવ કરેલાં જે રૂપાદિ વિષય છે તેને મન–વચન–કાય અને કૃત-કારિત-અનુમોદનાથી છોડીને, નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ અતીન્દ્રિય સુખના રસના આસ્વાદનથી તૃપ્ત થઈને વિષયોથી ભિન્ન પોતાના આત્માને જે મુનિ અનુભવે છે તે જ વિષયોમાં રાગ–દ્વેષ કરતાં નથી.

વિષયોને જીત્યાં કોને કહેવાય ?—કે દ્રવ્યેન્દ્રિય એટલે પંચ ઈન્દ્રિય, ભાવેન્દ્રિય એટલે એક એક વિષયને ગ્રહણ કરનારું ખંડ ખંડ જ્ઞાન અને ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ થતાં વિષયો સંબંધી વિકલ્પને જે મનથી, વચનથી અને કાયાથી છોડે તેને જિતેન્દ્રિય અર્થાત્ વિષયોને જીતનાર મુનિ કહેવાય છે. મનથી કોઈ પ્રકારના શુભ કે અશુભ વિષયોની ઈચ્છા નથી. વાણી પોતે મનોજ્ઞ અથવા અમનોજ્ઞ વિષય છે તેની પણ રુચિ નથી. ભગવાનની મૂર્તિ કે ભગવાનની વાણી શુભરાગનો વિષય છે અને સ્ત્રી, પુત્રાદિ અશુભરાગના વિષય છે કે જેને પોતે અનુભવેલાં છે તે બધાંને મન, વચન, કાયાથી અને કૃત–કારિત–અનુમોદનાથી છોડે છે.

જે સ્વ-વિષયમાં આવ્યા તે પરવિષયને છોડી દે છે. સમયસારની ૩૧-૩૨-૩૩ ગાથામાં આ જ વાત લીધી છે. જે ભગવાન આત્મા પોતાના નિર્વિકલ્પ સ્વરૂપની દૃષ્ટિ–જ્ઞાન કરીને તેમાં રમે છે તેને મન–વચન–કાયાથી અને કૃત–કારિત–અનુમોદનાથી શુભાશુભ વિષયોનો ત્યાગ થઈ જાય છે. તે જીવ નિજ શુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ અતીન્દ્રિય સુખરસના આસ્વાદથી તૃપ્ત થઈને, વિષયોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે. જુઓ ! આત્માના અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ તો પહેલાં થઈ હતી પણ હવે મુનિદશામાં તો શુભાશુભ વિકલ્પથી પણ જુદો પડી અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત...તૃપ્ત...તૃપ્ત થઈ જાય છે. ત્યારે તેણે વિષયોથી જુદો પોતાને અનુભવ્યો કહેવાય—ત્યારે મુનિપણું કહેવાય. મુનિપણામાં જ વિષયોનો અભાવ અને ઉપશમભાવ છે.

આ જૈન વીતરાગી સંતો કેવા હોય તેની વાત ચાલે છે ! અજ્ઞાની વિષયોમાં કેવો લીન હોય છે ! ઘરે ચાર દીકરા ચાર વહુઓ અને બધી જાતની અનુકૂળતા હોય અને પોતે મેસુબ, બુંદિ, ગુલાબજાંબુ જમવા બેઠા હોય તો તેને અંદરથી કેવો

માનનો મીણો ચડી ગયો હોય છે ? કેવો તૃપ્ત અનુભવતો હોય છે ? એ તો અનુભવે છે તે કેવી હશે !

શ્રોતા :–એ તો સમજાય છે પણ આત્માની તૃપ્તિ મુનિ અનુભવે છે તે કેવી હશે!

પૂજ્ય ગુરુદેવશ્રી :–જેવી તૃપ્તિ તે અજ્ઞાની અનુભવે છે તેનાથી તદ્દન વિરુદ્ધ એવી તૃપ્તિને મુનિ અનુભવે છે. પહેલો વિકારને વેદે છે ત્યારે આ તો અવિકારી અનુભૂતિ છે. પાંચ–પચાસ કરોડની પૂંજી હોય, ઘરે દીકરાના લગ્ન હોય, એકનો એક લાડકો દીકરો હોય–ખૂબ પૈસા લગ્નમાં ખરચવા હોય, કેટલી જાતના બેન્ડ–વાજા બોલાવ્યાં હોય—ત્યારે જાણે કેટલી તૃપ્તિ માનતો હોય છે ! પરનું તો વેદન નથી પણ વિકારનું વેદન કરીને આકુળતામય તૃપ્તિ માનતો હોય છે એ તો દોષ છે, તેનાથી રહિત નિર્દોષ આત્મદેવને વિષય બનાવીને નિરાકુળ આનંદને વેદે છે તે નિર્દોષ તૃપ્તિ છે—આસ્વાદ છે.

સાધારણ અનુકૂળ સંયોગમાં પણ અજ્ઞાનીને માનના ઝેરનો મીણો ચડી જાય છે તો આ તો અતીન્દ્રિય અમૃત સાગર ભગવાન આત્માની દૃષ્ટિપૂર્વક લીનતાની તૃપ્તિ અનુભવે છે. આવી તૃપ્તિપૂર્વક વિકલ્પ છૂટે તેનું નામ નિર્ગ્રંથપણું છે, હઠથી વિકલ્પ તોડવા માગે છે તેને વિકલ્પ તૂટતા નથી. સ્વરૂપાનંદની તૃપ્તિ આવ્યા વિના યથાર્થપણે રાગનો ત્યાગ થતો જ નથી.

મુનિ તો અતીન્દ્રિય આનંદમાં મોજ માણે છે. અમૃત-આનંદના ઝરણાને અનુભવે છે તેને જ મુનિ કહેવાય છે. મુનિ અતીન્દ્રિય આનંદના આસ્વાદથી તૃપ્ત થઈને, વિષયોથી પોતાને ભિન્ન જાણે છે આવા મુનિને જ આપણે નવકારમંત્રમાં નમસ્કાર કરીએ છીએ.

વર્તમાનમાં વીતરાગમાર્ગનું કુરૂપ કરી નાખ્યું છે. લોકો સાધારણબુદ્ધિવાળા છે તેને સમ્યગ્દર્શન, મુનિપણું કે મોક્ષનું સ્વરૂપ કેવું હોય એ જ ખબર નથી, સ્થૂળ વાતમાં રાજી બહુ થઈ જાય છે.

મુનિરાજ આત્માને અનુભવે છે તેથી તેમને વિષયોમાં રાગ–દ્વેષ થતો નથી. પાંચ ઇન્દ્રિયના વિષય–સુખથી નિવૃત્ત થઈને નિજ શુદ્ધ આત્મસુખમાં તૃપ્ત થાય છે તેમને જ આ વ્યાખ્યાન શોભા આપે છે. વિષય અભિલાષી અજ્ઞાની જીવોને શોભા આપતું નથી. એ જ આ ગાથાનું તાત્પર્ય છે.

સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં રુચિ નથી, સુખબુદ્ધિ નથી પણ ભોગનો ભાવ છે એટલો વિષમભાવ છે, અતીન્દ્રિય આનંદ જ સુખરૂપ છે એવી શ્રદ્ધા છે એટલો સમભાવ છે, મુનિને તો અતીન્દ્રિય આનંદના ભોગપૂર્વક વિષયનો ભોગ છૂટી ગયો છે. માટે મુનિએ વિષયોને છોડ્યાં કહેવાય છે, અતીન્દ્રિય આનંદ આવ્યા વિના વિષમભાવ છૂટતો નથી.

અહો, આ પરમાત્મપ્રકાશ છે ! નિર્ગ્રંથ મુનિએ ૯૦૦ વર્ષ પહેલાં જ આ શાસ્ત્ર બનાવ્યું છે. આમાં કહેવાય છે એવી તૃપ્તદશામાં તે મુનિ વર્તતાં હતાં. આવા મુનિઓ વીતરાગના કહેલાં અને પોતે અનુભવેલાં ભાવો લખીને ગયા છે પણ પોતે શાસ્ત્રલેખનને કે શ્રવણને ઉપાદેય માનતા ન હતાં.

**વચનામૃત વીતરાગના, પરમશાંત રસમૂળ,**
**ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.**

આવા માર્ગની દૃષ્ટિ થયા વિના અને એવી શાંતિ પ્રગટ થયાં વિના સમભાવ થતો નથી. અહીં કહેલી સમભાવની વ્યાખ્યા ભાવલિંગી મુનિવરોને જ લાગુ પડે છે. શોભા આપે છે એટલે કે લાગુ પડે છે. પોતે ભાવલિંગી મુનિ છે, અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત...તૃપ્ત છે સાથે વિકલ્પ આવ્યો છે તેમાં બોલે છે કે વિકલ્પ છોડીને ઠરવામાં જ સમભાવ છે. પુસ્તક લખવાનો ભાવ છે તે તો બંધનું કારણ છે તેથી લખતાં લખતાં જ કહે છે કે આ વિકલ્પ તો વિષમભાવ છે. સ્વરૂપમાં ઠરવું તે જ સમભાવ છે.

સમભાવ ધારક મુનિવરો પરિગ્રહ અને વિષયોમાં રાગ-દ્વેષ કરતાં નથી એ બે વાત આવી ગઈ. હવે દેહ અને વ્રત-અવ્રતમાં રાગ-દ્વેષ કરતાં નથી એ બે વાત આવશે. સમ્યગ્દર્શન હોવા છતાં જ્યાં સુધી વિષયની અભિલાષા છે ત્યાં સુધી સમભાવ હોતો નથી તેથી અહીં મુનિની જ વાત છે.

૫૧મી ગાથામાં કહે છે કે સાધુ દેહ ઉપર રાગ-દ્વેષ કરતાં નથી. આ દેહ નિરોગી છે તો દયા પાળી શકાય છે એવો ભાવ પણ મુનિને હોતો નથી. લોકો દેહને ધર્મનું સાધન માને છે-शरीराद्यं खलु धर्म साधनम् । એ જૂઠું છે. શરીર તો ધૂળ છે, શું ધૂળ આત્માના નિર્વિકલ્પભાવનું સાધન થઈ શકે ?

देहहँ उप्परि परममुणि देसु वि करइ ण राउ ।
देहहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ ॥५१॥

મહામુનિ મનુષ્યાદિ શરીર ઉપર પણ રાગ-દ્વેષ કરતાં નથી અર્થાત્ શુભ

શરીરમાં રાગ કરતાં નથી અને અશુભ શરીરમાં દ્વેષ કરતાં નથી. રોગી શરીર પ્રત્યે દ્વેષ નથી અને નિરોગી શરીર પ્રત્યે રાગ નથી. ચૈતન્ય જ મારો દેહ છે—જ્ઞાન મારું શરીર છે એવી દૃષ્ટિ કરીને તેમાં ઠરી ગયાં છે તેથી શરીર ઉપર રાગ–દ્વેષ થતાં નથી. સમ્યગ્દૃષ્ટિને જરા આસક્તિનો રાગ અથવા દ્વેષ આવે છે. શરીર મને ઠીક છે એવો અભિપ્રાય નથી પણ રાગ આવી જાય છે. મુનિને એવો રાગ પણ આવતો નથી તેને અહીં સમભાવ કહ્યો છે.

મુનિએ શરીરના રજકણ–રજકણ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લીધી છે અને શરીરનું લક્ષ જતું હતું તે પણ છૂટી ગયું છે. સંયમના નિર્વાહ માટે આહાર લેવાનો વિકલ્પ આવે તે પણ વિષમભાવ છે તેને પણ છોડીને નિર્ગ્રંથદૃષ્ટિમાં નિર્ગ્રંથદશાને પ્રાપ્ત થાય છે તેને દેહની મમતા છૂટી ગઈ કહેવામાં આવે છે.

દેહ તો જડ છે, આત્મા ચૈતન્ય છે. જડ–ચૈતન્યને શો સંબંધ? દેહ અને ચૈતન્યને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ નથી. દેહ સાથે મમતા છોડીને ઉપશમભાવને પ્રાપ્ત કરે છે તેને નિર્ગ્રંથ મુનિ કહેવામાં આવે છે. (ક્રમશઃ)

*

## વૈરાગ્ય સમાચાર :—

અમદાવાદનિવાસી શ્રી ચુનીલાલ જીવણલાલ દોશીના સુપુત્ર શ્રી વિનોદભાઈના ધર્મપત્ની અ.સૌ. નીરૂપમાબેન (નીરૂબેન) (વર્ષ-૫૦) તા. ૩૧-૧૨-૨૦૦૦ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પાલડી જિનમંદિરના જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા વખતે શચી ઈન્દ્રાણી તરીકે ખૂબ જ ઉલ્લાસપૂર્વક લાભ લીધો હતો. તેઓને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ખૂબ ભક્તિભાવ હતો.

વઢવાણનિવાસી શ્રી કાનજીભાઈ જેઠાભાઈ શાહ (વર્ષ-૮૫) તા. ૩-૧૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૬૦ વર્ષથી મંદિરમાં વાંચન કરતા હતા. તેમને પાઠશાળા અને સ્વાધ્યાયનો ખૂબ રસ હતો. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હતા.

વાંકાનેરનિવાસી શ્રી હરખચંદ વાલમજીભાઈ મહેતા (વર્ષ-૮૫) તા. ૩-૧-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વ-અભ્યાસી હતા.

પટેલ રામુબેન ગણેશભાઈ (વર્ષ-૬૫) તે રાજકોટના ગણેશભાઈ જેરામભાઈ પટેલના પત્ની તા. ૧૭-૧-૨૦૦૧ ને પોષ વદી-૯ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

રાજકોટનિવાસી ભરતભાઈ ત્રિભોવનદાસ વીરજીભાઈ વારીઆની પુત્રી ચિ. ભાવીશા (વર્ષ-૨૦) તા. ૨૫-૧-૨૦૦૧ના રોજ નવકારમંત્રનું સ્મરણ કરતા કરતા સ્વર્ગવાસ પામેલ છે.

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *જ્ઞાની પુરુષો–અવિરતિ સમ્યગ્દષ્ટિ આખો દિવસ શું કરતા હશે? તેને પરમાં તો કાંઈ કરવાનું રહેતું નથી, તો સમય કેમ વ્યતીત કરતા હશે? તે કૃપા કરીને સમજાવશોજી.*

**સમાધાન :—** પરનું કાર્ય કરવાનું હોય તો સમય વ્યતીત થાય એમ નથી. સમ્યગ્દૃષ્ટિને અંતરમાં જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે, જ્ઞાતાની ધારા ચાલે છે. એને તો ક્ષણે ક્ષણે પુરુષાર્થની દોરી ચાલુ છે, સાધનાની પર્યાય થાય છે. ક્ષણે ક્ષણે જે વિભાવ આવે તેનાથી છૂટો પડીને જ્ઞાયકની ધારા–જ્ઞાયકની પરિણતિની–પુરુષાર્થની દોરી–ક્ષણે ક્ષણે ચાલુ જ છે. સહજ જ્ઞાતાધારા ચાલી રહી છે.

જ્ઞાની આખો દિવસ શું કરતા હશે? આત્માનો નિવૃત્ત સ્વભાવ છે. તે વિભાવમાં કે બહારનું કાંઈક કરે તો તેનો ટાઈમ પસાર થાય એવું નથી. અંતરના કર્તા-કર્મ-ક્રિયા આત્મામાં છે. તે બહારનું કાંઈ કરી શકતો જ નથી. હું બીજાનું કરી શકું છું તેવું માત્ર અભિમાન જીવે અજ્ઞાનથી કર્યું છે. જ્ઞાનીને અંતરમાં આત્માની સ્વરૂપ પરિણતિની ક્રિયાનું કાર્ય ચાલુ જ છે, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે. કોઈ કોઈવાર વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, પણ ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે. ખાતાં-પીતાં, સૂતાં-સ્વપ્નમાં પણ તેને જ્ઞાયકની ધારા ચાલુ છે. બાકી તો તે ગૃહસ્થાશ્રમમાં છે તેથી બહારના કાર્યમાં જોડાય; પણ તેની જ્ઞાતાધારા ચાલુ છે. બહારથી કાર્ય કરતા દેખાય છે તો પણ અંતરથી તો જ્ઞાયક જ રહે છે. અંતરમાં જ્ઞાયક થઈ ગયો અને પરનો કર્તા નથી એટલે તેનો સમય વ્યતીત થતો નથી એમ નથી. વિભાવનાં કાર્યોમાં જોડાય તો જ સમય વ્યતીત થાય એમ નથી. તે તો આકુળતા છે. અંદરમાં નિવૃત્તિમય અને શાંતિમય પરિણતિમાં જ તેને સુખ લાગે છે. બહારમાં ક્યાંય સુખ લાગતું નથી.

મુનિઓ અંતરમાં તો અકર્તા છે જ, પરંતુ બહારનું પણ બધું છૂટી ગયું છે. છતાં શાસ્ત્રમાં આવે છે કે મુનિઓ કાંઈ અશરણ નથી. બહારના પંચમહાવ્રતનાં પરિણામો શુભ છે તેનાથી પણ તેમની પરિણતિ છૂટી રહે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિરાજ ક્ષણે ક્ષણે સ્વરૂપમાં લીન થાય છે. એવા મુનિઓ કાંઈ અશરણ નથી, તેમને આત્માનું શરણ પ્રગટ થયું છે. મુનિઓનો આખો દિવસ કેમ જતો હશે? તે

પ્રશ્નનો કોઈ અર્થ નથી. તેઓ તો શુદ્ધાત્મામાં લીન રહેતા હોય છે, પ્રચુરસ્વસંવેદનપૂર્વક આનંદને વેદે છે.

તેવી રીતે સમ્યગ્દષ્ટિને ગૃહસ્થાશ્રમમાં કાર્યો હોય તો પણ અંદરનાં કાર્યો-અંદર જ્ઞાતાની ધારા—ચાલુ જ છે. ક્ષણે ક્ષણે જે આ વિભાવની પરિણતિ થઈ રહી છે તેનાથી છૂટી પરિણતિ ક્ષણે ક્ષણે ચાલ્યા જ કરે છે, તે કાંઈ અશરણ નથી. જેણે આત્માનું શરણ લીધું છે તેને તો આત્મામાં જ સુખ-શાંતિ-સ્વાનુભૂતિનું કાર્ય ચાલે છે. આત્માની નિર્મળતા વિશેષ પ્રગટ થાય તેવી વિશેષ પુરુષાર્થની દોરી ચાલ્યા જ કરે છે.

સિદ્ધ ભગવાનને બધું છૂટી ગયું તો સિદ્ધ ભગવાન શું કરતા હશે? દિવસ-રાત શું કરતા હશે? સિદ્ધ ભગવાનને અનંતગુણ-પર્યાયો છે તે અનંતગુણ– પર્યાયોમાં પરિણમન કર્યા કરે છે. કર્તા-ક્રિયા-કર્મ બધું અંતરમાં પ્રગટ થયું છે અને તે સહજ છે, આકુળતારૂપ નથી. આત્માનો નિવૃત્ત સ્વભાવ પૂર્ણ પ્રગટ થયો છે. ગુણોનું કાર્ય ચાલ્યા કરે છે. જ્ઞાન જ્ઞાનનું કાર્ય કરે છે, આનંદ આનંદનું કાર્ય કરે છે. એમ અનંતગુણ અનંતગુણનું કાર્ય કરે છે તો પણ પરિણતિ નિવૃત્તિમય છે. સિદ્ધ ભગવાન આખો દિવસ આત્મામાં લીન રહે છે, અદ્ભુત અને અનુપમ દશામાં રહે છે અને તેમાં સંતુષ્ટ છે, તૃપ્તિ અને આનંદ છે.

સમ્યગ્દષ્ટિને ક્યાંય બહાર જવાનું મન થતું નથી, તેમ જ કોઈ કાર્યમાં કર્તાબુદ્ધિએ જોડાવાનું મન થતું નથી. અંદરથી સ્વામિત્વબુદ્ધિએ બહાર જવાની ઈચ્છા થતી નથી. અસ્થિરતાએ જવાય છે તો જવાય છે.

મુનિઓને તો બધું છૂટી ગયું છે અને નિવૃત્તિમય પરિણતિ વિશેષ છે. તેમાં તેઓ કાંઈ થાકતા નથી અને બહાર જવાનું મન પણ થતું નથી. હું આત્મામાં કેમ રહી જાઉં, સ્વાનુભૂતિની દશામાંથી ક્ષણે ક્ષણે બહાર આવવું પડે છે તેના કરતાં અંતરમાં શાશ્વત કેમ રહી જાઉં એવી ભાવના મુનિઓને હોય છે. તેમાં જ તેમને તૃપ્તિ અને આનંદ છે. ક્ષણે ક્ષણે બહાર જવું પડે છે તે ન જવાય તેવી તેમની ભાવના રહે છે. આત્માનું સ્થાન છોડીને બહાર જવું રુચતું નથી. અનંત આનંદ-સુખનું ધામ આત્માનો બાગ છોડીને બીજે ક્યાંય બહાર જવાનું મન થતું નથી. તેમનો આખો ટાઈમ આત્મામાં જ પસાર થાય છે. અને સમ્યગ્દષ્ટિને જ્ઞાયકની ધારા પ્રગટ છે, પુરુષાર્થની દોરી ચાલુ છે. તેથી તેમનો ટાઈમ કેમ પસાર થાય? તેવો પ્રશ્ન જ રહેતો નથી. આ જ માર્ગે અનંતા જીવો—અનંતા સાધકો મોક્ષ પામ્યા છે.

**પ્રશ્ન :—** *આપ ઉપાદાન ઉપર જોર વધારે આપો છો, જ્યારે શ્રીમદ્જીનું વાંચીએ*

*ત્યારે તેઓ નિમિત્ત ઉપર વિશેષ વજન આપતા હોય તેમ અમને લાગે છે.*

**સમાધાન :—** એવું હોતું નથી. બધાનો કહેવાનો આશય એક જ છે. દરેકને એમ કહેવું છે કે તું કર તો થાય. કોઈ નિમિત્ત તરફથી ભલે વાત કરતા હોય, પણ કરવાનું પોતાને જ છે.

કોઈ વ્યવહાર તરફથી વાત કરતા હોય એટલે તે વ્યવહારનું કહે છે અને બીજા અધ્યાત્મનું કહે છે એમ કહેવાય નહિ. બધાનો આશય એક જ હોય છે. બધા ભાવલિંગી મુનિ મુક્તિના માર્ગે હતા. છતાં કોઈ વ્યવહારનાં શાસ્ત્રો રચે, તેથી તે બીજું કહે છે એમ હોય નહિ. બધાનો આશય એક જ હોય છે.

**પ્રશ્ન :—** *દૃષ્ટિ અને જ્ઞાનની સંધિ સમજાવવા કૃપા કરશો. અમે તો એક નક્કી કરવા જઈએ ત્યાં બીજું છૂટી જાય છે.*

**સમાધાન :—** દૃષ્ટિને મુખ્ય રાખી જ્ઞાયકને ગ્રહણ કરવો. તેની સાથે સાથે જ્ઞાન પણ બધાનું થાય છે. તેમાં એક નક્કી કરે અને એક છૂટી જાય તેવું હોતું નથી. સાધનામાં દૃષ્ટિ અને જ્ઞાન સાથે હોય છે. દૃષ્ટિ લક્ષમાં રાખીએ તો જ્ઞાન છૂટી જાય અને જ્ઞાન લક્ષમાં રાખીએ તો દૃષ્ટિ છૂટી જાય તેમ બનતું નથી. પણ જો એકાંત ગ્રહણ કરે તો સાધના છૂટી જાય છે, નહીંતર તે છૂટી જાય તેમ ન બને. જે જ્ઞાયકને ગ્રહણ કરે તેને જ્ઞાનમાં એમ હોય છે કે આ પર્યાય છે. સાધનામાં પર્યાયનું જ્ઞાન હોય છે. સાધનામાં બધી નિર્મળ પર્યાયો પુરુષાર્થપૂર્વક આવે છે, છૂટી જતી નથી, આમ તેની સંધિ છે. એક જ્ઞાયકને ગ્રહણ કર્યો અને દૃષ્ટિ ત્યાં સ્થાપી દીધી તો બધું છૂટી જાય તેમ હોતું નથી. દૃષ્ટિ અને જ્ઞાનની સંધિ થઈ શકે છે, એકને મુખ્ય રાખે અને બીજું ગૌણ રાખે તો સંધિ થઈ શકે છે. જ્ઞાયકને મુખ્યપણે ગ્રહણ કરે અને પર્યાયનું લક્ષ રાખીને (જ્ઞાન કરીને) પુરુષાર્થ કરે તો સંધિ થાય છે. હું તો અનાદિ-અનંત શુદ્ધ છું. અંદર શુદ્ધતામાં કાંઈ અશુદ્ધતા પેઠી નથી, તો પણ પર્યાયમાં અશુદ્ધતા છે. તેથી અંદરમાં સ્વરૂપ તરફની પરિણતિ પ્રગટ કરવાથી અશુદ્ધતા ટળે છે. એકને ગ્રહણ કરે તો એક છૂટે તેવું નથી કેમકે એક દ્રવ્ય છે અને એક પર્યાય છે. જો બે દ્રવ્ય હોય તો એકને ગ્રહણ કરતાં બીજું છૂટી જાય. પણ આ તો એકને ગૌણ કરવાનું છે અને એકને મુખ્ય કરવાનું છે. ઉપયોગમાં કોઈવાર પર્યાયના વિચારો આવે, તો પર્યાય જ્ઞાનમાં મુખ્ય થાય, પણ દૃષ્ટિમાં તો એક દ્રવ્ય જ મુખ્ય છે અને પર્યાય ગૌણ છે.

*

[તા. ૪-૨-૨૦૦૧]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મ-જ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાત: | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી નિયમસાર ઉપર (૧૯૬૬ના) પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્રવાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : 'શ્રી પરમાત્મ-પ્રકાશ' ઉપર (૧૯૬૫ના) પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

## સીમંધર જિનમંદિર–વાર્ષિક–અષ્ટાહ્નિક–મહોત્સવ

વિ. સં. ૧૯૯૭મેં શ્રી નાનાલાલભાઈ આદિ જસાણી બન્ધુઓં દ્વારા સોનગઢમેં સર્વપ્રથમ નિર્મિત એવં પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી દિગમ્બર–જિનમન્દિરકા વાર્ષિક અષ્ટાહ્નિક પ્રતિષ્ઠોત્સવ દિનાંક ૧૮-૨-૨૦૦૧, રવિવારસે દિનાંક ૨૫-૨-૨૦૦૧, રવિવાર (ફાલ્ગુન શુક્લા ૨) આઠ દિન તક વીસ વિહરમાન–જિન–મંડલવિધાન પૂજા, ભક્તિ એવં તત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક વિશેષ સમારોહરૂપસે મનાયા જાયેગા.

**શ્રી પંચમેરુ–નન્દીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠામહોત્સવ :**—શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલયકા ૧૬વાં વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ તા. ૨૬-૨-૨૦૦૧, સોમવારસે તા. ૨-૩-૨૦૦૧, શુક્રવાર (ફાલ્ગુન શુક્લા ૭) તક પંચકલ્યાણક પૂજા વિધાન આદિ પૂજાભક્તિપૂર્વક મનાયા જાયેગા.

★ **ફાલ્ગુની નન્દીશ્વરી–અષ્ટાહ્નિકા :**—સુવર્ણપુરીકે શ્રી પંચમેરુ–નન્દીશ્વરજિનાલયમેં તા. ૨-૩-૨૦૦૧, શુક્રવાર સે તા. ૯-૩-૨૦૦૧, શુક્રવાર તક ફાલ્ગુન માહકી નન્દીશ્વર–અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ–નન્દીશ્વર વિધાનપૂજા ઇત્યાદિ કાર્યક્રમ સહ મનાઈ જાયેગી.

★ **પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :**—ફાલ્ગુન શુક્લા ૧૩, બુધવાર, તા. ૭-૩-૨૦૦૧ કે દિન શ્રી મહાવીર–કુન્દકુન્દ દિ૦ જૈન પરમાગમમન્દિરમેં પૂજાભક્તિકે વિશેષ સમારોહપૂર્વક મનાઈ જાયેગી.

## સુવર્ણપુરીમાં સમ્યક્ત્વ–મહિમાનો સ્વર્ણિમ અવસર

### વકીલ શ્રી વીરજીભાઈ તારાચંદ વારીઆ

### (હા. શ્રી મહેન્દ્રભાઈ સુન્દરજી વારીઆ) દ્વારા આયોજિત

## સમ્યક્ત્વતીર્થ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૬૯મો

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

સમ્યક્ત્વતીર્થપ્રભાવક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૬૯મો વાર્ષિક સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ (ફાગણ વદ-૧૦) અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં અત્યાનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તદ્નુસાર સોનગઢ (સુવર્ણપુરી) તીર્થધામમાં તા. ૧૫-૩-૨૦૦૧ ગુરુવારથી તા. ૧૯-૩-૨૦૦૧ સોમવાર (ફાગણ વદ-૧૦)—પાંચ દિવસ સુધી—આ સમ્યક્ત્વજયંતી-મહોત્સવ, જામનગરનિવાસી વકીલ શ્રી વીરજીભાઈ તારાચંદ વારીઆ (હા. સુરેન્દ્રનગરવાસી શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારીઆ–પરિવાર) તરફથી, શ્રી ચૌસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમા ભરપૂર આધ્યાત્મિક ટેપપ્રવચન, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો–ધર્મચર્ચા, આવેલ વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન વગેરે અનેકવિધ રોચક ધાર્મિક કાર્યક્રમ સાથે અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. સમ્યક્ત્વપ્રેમી બધા મુમુક્ષુઓને આ સમ્યક્ત્વમહિમાવર્ધક અનુપમ અવસરનો લાભ લેવા માટે હાર્દિક અનુરોધ છે.

|| નમઃ શ્રીકહાનગુરુદેવાય ||  || નમઃ શ્રીઋષભદેવાય ||  || વંદે ભગવતીમાતરમ્ ||

### શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-મલાડ દ્વારા આયોજિત
### શ્રી ઋષભદેવ ભગવાન દિગંબર જિનમંદિરમાં પ્રતિષ્ઠેય નવાં જિનબિંબોનો

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

## નિમંત્રણ-પત્રિકા

(તા. ૩૦-૪-૨૦૦૧ થી તા. ૭-૫-૨૦૦૧)

આનંદોલ્લાસ સહ નિવેદન કે—આપણા ભવોદધિતારણહાર, પરમોપકારી, જિનેન્દ્રમહિમા-પ્રભાવક, પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા વિશિષ્ટોપકારી, ધન્યાવતાર, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારના સુપ્રતાપે મુંબઈનગરીના અમારા મલાડ ઉપનગરે શ્રી ઋષભદેવ ભગવાન દિગંબર જિનમંદિરના ઉપરના ભાગમાં નિર્મિત શ્રી પંચમેરુ-નંદીશ્વરની વિસ્તૃતિકૃત ભવ્ય રચનામાં જિનબિંબોની પુનઃ વેદીપ્રતિષ્ઠાનો, ધાતકીખંડ-વિદેહક્ષેત્રના તથા જંબુ-ભરતના ભાવી ભગવંતો (૨૫''ના સંગેમરમર)નાં, વિધિનાયક શ્રી શાંતિનાથ ભગવાન (૯''ના પંચધાતુ)ના તથા શ્રી ચંદ્રપ્રભ ભગવાન (૯''ના પંચધાતુ)ના વીતરાગ ભાવવાહી જિનબિંબોની પંચકલ્યાણકપુરઃસર મંગલ પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૭, વૈશાખ સુદ ૭, સોમવાર, તા. ૩૦-૪-૨૦૦૧ થી વૈશાખ સુદ ૧૫, સોમવાર, તા. ૭-૫-૨૦૦૧ સુધી 'શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠા અષ્ટાહ્નિક-મહોત્સવ'રૂપે જિનેન્દ્રભક્તિસહ ઉજવવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે.

આ જિનેન્દ્ર મહિમાની પ્રભાવનાના મંગળ-મહોત્સવની ભવ્ય આમંત્રણ પત્રિકા મુદ્રણાધીન હોઈ, આપને તે મળવામાં વિલંબ થાય તેવી સંભાવનાના હેતુથી આ આગોતરો નિમંત્રણ પરિપત્ર પ્રેષિત કરવામાં આવેલ છે. આ પરિપત્રને આમંત્રણ પત્રિકા તુલ્ય સમજી આપ સૌ ઉપરોક્ત પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવમાં આત્મહિતના હેતુભૂત અનેકવિધ કાર્યક્રમોનો લાભ લેવા જરૂરથી પધારજો—એવું અમારું ભાવભીનું હાર્દિક આમંત્રણ છે.

**સ્થળ :**

**પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રેરિત : શ્રી ઋષભદેવ ભગવાન દિ. જિનમંદિર**

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી માર્ગ, રામલીલા મેદાન સામે,
દફતરી રોડ, મલાડ (ઇસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭
ફોન : 8839604, 8443747 * E-mail : upnagardjain@yahoo.com

**લિ.**

**શ્રી દિ. જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ**
**સમિતિ વતી,**
**ચીમનલાલ ઠાકરશી મોદી**
**—અધ્યક્ષ**

**શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ**
**વતી**
**નગીનદાસ હિંમતલાલ ડગલી**
**—પ્રમુખ**

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ નય શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે. પ્રમાણજ્ઞાનને પ્રમાણપણું ત્યારે અને તો જ પ્રાપ્ત થાય છે કે અંદર દૃષ્ટિમાં વિભાવ તેમ જ પર્યાયના ભેદોથી રહિત શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવની શ્રદ્ધાનું–અવલંબનનું–જોર સતત વર્તતું હોય. ધ્રુવસ્વભાવના આલંબનનું બળ જ્ઞાનીને સદૈવ વર્તતું હોવાથી તેનું જ્ઞાન સમ્યક્‌પ્રમાણ છે અને તેને જ ક્રિયાનય, જ્ઞાનનય, વ્યવહારનય અને નિશ્ચયનય વગેરે નયો દ્વારા વર્ણવાયેલા ધર્મોનું સાચું જ્ઞાન હોય છે, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને નહીં, કેમ કે તેને શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવસ્વભાવનું ભાન નહિ હોવાથી તેનું જ્ઞાન અપ્રમાણ છે—મિથ્યા છે. ૨૦૩.

❀ પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે અને તું પણ તને ભગવાન તરીકે જો તો ભગવાન થઈશ. નિર્મળ પર્યાયથી પણ ભિન્ન જે ભૂતાર્થ વસ્તુ છે તેને શુદ્ધ કહેવામાં આવે છે, તેના પર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ થશે ને મિથ્યાત્વનો વ્યય થશે. માટે શુદ્ધ વસ્તુમાં જા—તેની દૃષ્ટિ કર. સંયોગથી તો ભિન્ન, દયા-દાનના વિકલ્પથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન વસ્તુ શુદ્ધ છે, તેની દૃષ્ટિ કરતાં ધર્મની શરૂઆત થાય છે. આ એક જ ધર્મની રીત છે, ધર્મની વિધિ છે, ધર્મની કળા છે. બીજા લાખ ઉપાયે પણ ધર્મ થશે નહીં. ૨૦૪.

❀ પરમપારિણામિકભાવલક્ષણ જે પરમાત્મા તે હું છું, તેની દૃષ્ટિ કરવાથી જન્મ-મરણનો અંત આવશે. શું કરવું?–કે નિજપરમાત્મા છે ત્યાં દૃષ્ટિ કરવી. પરવસ્તુ, રાગ અને પર્યાયની દૃષ્ટિ છે તે બહિર્મુખ દૃષ્ટિ છે. જે ત્રિકાળી વસ્તુમાં નથી તેને પોતાની માનવી તે બહિર્દૃષ્ટિ છે. પ્રભુ! તું કોણ છો એ તને ખબર નથી. તેથી અહીં કહે છે કે જેને ધર્મ કરવો હોય, કલ્યાણના પંથે આવવું હોય, તેણે પહેલાંમાં પહેલો આત્માને જાણવો. મંદિર, પ્રતિષ્ઠામહોત્સવ આદિ શુભભાવ હોય, પણ તે સાધન નથી. પ્રજ્ઞાછીણી એ સાધન છે. કેમ કે સકલ નિરાવરણ આત્મવસ્તુ અને રાગ એ બે વચ્ચે સંધિ છે, નિઃસંધિ થયા નથી, તેથી ત્યાં સાવધાનીપૂર્વક પ્રજ્ઞાછીણી પટકવાથી બે ભિન્ન થઈ જાય છે. ૨૦૫.

## ❀ સ્વભાવદૃષ્ટિનો સમ્યક્ પુરુષાર્થ ❀

અહા! દરેક દ્રવ્યની, દરેક ગુણની જે કાળે જે પર્યાય થવાયોગ્ય હોય તે કાળે તે જ પર્યાય ઉત્પન્ન થાય છે એમ યથાર્થ જાણનારનું લક્ષ પર્યાય ઉપર ન રહેતાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે અને એ જ સ્વભાવદૃષ્ટિનો સમ્યક્ પુરુષાર્થ છે. આ રીતે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવામાં ભેગો પુરુષાર્થ આવી જ જાય છે. માટે ક્રમબદ્ધ માનવાથી પુરુષાર્થ ઊડી જાય છે એવી શંકા કરવી યોગ્ય નથી. ભાઈ! નિયત ક્રમ છોડીને કોઈ પ્રકારે (નિમિત્તાદિ વડે) પર્યાય યથેચ્છ આઘીપાછી થવાનું તું માને પણ એ તો મિથ્યાદર્શન છે અને તારી એવી ચેષ્ટા મિથ્યા પુરુષાર્થ—મિથ્યા વિકલ્પ સિવાય કાંઈ જ નથી.

*—કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]